# વર્તમાન પ્રવાહની આર-પાર

## 04-01-2019

## સંપૂર્ણ, સરળ, વિશ્વસનીય

## Most Imp ટોપીકની ચર્ચા

*Video By - Dilip Sadatiya*

# ભારતની પ્રથમ મહિલા શિક્ષકા સાવિત્રીબાઈ ફુલે...
# 3 Januari...

- � � ભારતની પ્રથમ મહિલા શિક્ષિકા સાવિત્રીબાઈ ફૂલની આજે 187મી જન્મજયંતિ � �
- ☞ જન્મ 3જી જાન્યુઆરી 1831 (સતારા, મહારાષ્ટ્ર)
- ☞ ભારતની કન્યાકેળવણીની સૌપ્રથમ પ્રખર હિમાયતી મહિલા
- ☞ એમનાં પતિ જોતિબા ફૂલેનાં સાથ-સહકારથી સ્ત્રી-મુક્તિનું આંદોલન કરનાર માળી જ્ઞાતીના ખેડૂત મહિલા..
- ☞ઇ.સ. 1849માં 'ભારતની સૌપ્રથમ મહિલા શિક્ષક' થવાનું અને હોવાનું ગૌરવ એમને મળ્યું છે
- .☞ઇ.સ 1854માં 'કાવ્યફૂલે' કાવ્યસંગ્રહ પ્રગટ થયો.
- ☞ઇ.સ. 1882માં 'બાવન કશી સુબોધ રત્નાકર' બીજો કાવ્યસંગ્રહ પ્રગટ થયો.
- ☞10 માર્ચ, 1897માં રોજ પુણેમાં એમનું મહાનિર્વાણ થયું..

Active Classes
CREATE YOUR FUTURE

JOIN TELEGRAM :-https://t.me/Activeclasses. SUBSCRIBED:- YOUTUBE/ACTIVE CLASSES
PDF મટીરીયલ મેળવવા માટે Play store માથી Active Classes નામની app ડાઉનલોડ કરો

# મેજર ધ્યાનચંદનો આજે 39 મો નિર્વાણ દિન

## 3 Januari...

- 🙏🙏 મેજર ધ્યાનચંદનો આજે 39 મો નિર્વાણ દિન 🙏🙏
- 👉 અવસાન :- 3 January, 1979 (જબલપુર, દિલ્લી)
- 👉 જન્મ :- 28 August, 1905 (પ્રયાગ, ઉ.પ્ર.)
- 👉 તેમને હોકીના જાદુગર તરીકે ઓળખવામાં આવે છે.
- 👉 29 ઓગસ્ટ તેમના જન્મદિવસે ભારતમાં રમત ગમત દિવસ ઉજવવામાં આવે છે.
- 👉 ભારતના આ વીરપુરુષ ને ભારત રત્ન આપવો જ જોઈએ તેવી વાત વારંવાર થઇ છે તેમ છતાં ધ્યાનચંદ ભારતરત્નથી વંચિત છે. જોકે તે ભારતના મહાન રત્ન હતા છે અને રહેશે.

JOIN TELEGRAM :-https://t.me/Activeclasses. SUBSCRIBED:- YOUTUBE/ACTIVE CLASSES
PDF મટીરીયલ મેળવવા માટે Play store માથી Active Classes નામની app ડાઉનલોડ કરો

# ચર્ચિત મુદ્દાઓ...

વિલય બાદ બેન્ક ઓફ બરોડા ત્રીજી સૌથી મોટી બેન્ક બનશે

## બેન્ક ઓફ બરોડામાં દેના અને વિજયા બેન્કના વિલયને સરકારની મંજૂરી

। નવી દિલ્હી ।

વડા પ્રધાન મોદીની અધ્યક્ષતામા મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં બેન્ક ઓફ બરોડામાં વિજયા બેન્ક અને દેના બેન્કના વિલયને લીલી ઝંડી આપી દેવામાં આવી છે. દેના બેન્ક અને વિજયા બેન્કના વિલય બાદ બેન્ક ઓફ બરોડા એસબીઆઈ અને આઈસીઆઈસીઆઈ પછી દેશની ત્રીજી સૌથી મોટી બેન્ક બનશે. બેઠક બાદ પત્રકારોને માહિતી આપતાં કાયદામંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું કે બેન્કિંગ સેક્ટરમાં સુધારા માટે આ પગલું ભરવામાં આવ્યું છે. કર્મચારીઓની સેવા પરિસ્થિતિ બદલાશે નહીં. તે ઉપરાંત કોઈ પણ પ્રકારની છટણી પણ નહીં થાય.

કેન્દ્રીય કેબિનેટની વિલય મંજૂરી બાદ દેશની ત્રણ મુખ્ય સરકારી બેન્કો સંપૂર્ણ રીતે ખતમ બની જશે તેની જગ્યાએ બેન્ક ઓફ બરોડા મુખ્ય બેન્ક બનશે. કેન્દ્ર સરકારે ૨૦૧૮માં બેન્ક ઓફ બરોડા, દેના બેન્ક અને વિજયા બેન્કના વિલયની જાહેરાત કરી હતી.

Active Classes
CREATE YOUR FUTURE

JOIN TELEGRAM :-https://t.me/Activeclasses. SUBSCRIBED:- YOUTUBE/ACTIVE CLASSES
PDF મટીરીયલ મેળવવા માટે Play store માથી Active Classes નામની app ડાઉનલોડ કરો

# ચર્ચિત મુદાઓ...

- લાલબહાદુર શાસ્ત્રી
- વાજપેયી
- મોદી
- Theme
- future India –
- science and technology



# ચર્ચિત મુદાઓ...

 ક્રિકેટ ના મહાન કોચ રમાકાંત આચરેકર નું અવસાન સચિન, કાંબલી જેવા અનેક ખેલાડી ના કોચ હતા.

 2010 માં પદ્મશ્રી મળ્યો હતો
ક્રિકેટ કોચ રમાકાંત આચરેકરનું 87 વર્ષની વયે 2 જાન્યુઆરીના રોજ  નિધન

- ,દ્રોણાચાર્ય પુરસ્કાર થી સન્માનિત




પોરબંદરથી
મુખ્યમંત્રી વિજય
રૂપાણીએ ગરીબ
કલ્યાણ મેળાનો
કરાવ્યો
રાજયવ્યાપી
પ્રારંભ
ન્યૂઝ
ગુજરાતી
૩થી ૫ જાન્યુઆરી સુધી ૩૩ જિલ્લામાં
યોજાશે અલગ-અલગ ગરીબ કલ્યાણ મેળા



દુનિયાનો સૌથી મોટો ધાર્મિક મેળો એટલે કુંભ. લાખો લોકો પવિત્ર નદીઓના સંગમમાં શ્રદ્ધાની ડૂબકી લગાવવા આવે છે. દેશ-દુનિયામાંથી લોકો આવે છે અને ધર્મની ધજા હેઠળ મોક્ષની યાચના કરે છે. આ વખતે અર્ધ કુંભનું આયોજન સંગમ નગરી પ્રયાગરાજમાં કરવામાં આવ્યું છે. ૧૫ જાન્યુઆરીથી ૪ માર્ચ ૨૦૧૯ સુધી ગંગા, યમુના અને લુપ્ત થયેલી સરસ્વતીના સંગમ સ્થળે લાખો લોકો પોતાના પાપ ધોવા અને મોક્ષ મેળવવા ઊમટી પડશે. આ પવિત્ર મેળો અને ધાર્મિક ઉત્સવ શરૂ થઈ રહ્યો છે ત્યારે જાણીએ તેના વિશે...



## બે પ્રકારના કુંભ હોય છે

**અર્ધ કુંભ :** દર છ વર્ષે અર્ધકુંભનું આયોજન કરવામાં આવતું હોય છે. હરિદ્વાર અને પ્રયાગરાજમાં જ અર્ધ કુંભનું આયોજન કરવામાં આવે છે.

**મહાકુંભ :** મહાકુંભને પૂર્ણ કુંભ તરીકે પણ ઓળખવામાં આવે છે. નાશિક અને ઉજ્જૈનમાં યોજાનારા મહાકુંભને સિંહસ્થ કુંભ પણ કહે છે

## સમુદ્ર મંથન સાથે છે કુંભનો સંબંધ

પ્રાચીન ધાર્મિક ગ્રંથો પ્રમાણે કુંભમેળાનો સંબંધ દેવતાઓ અને દાનવો વચ્ચે થયેલા સમુદ્ર મંથન સાથે છે. જ્યારે મંદાર પર્વત અને વાસુકી નાગની મદદથી દેવતાઓ અને દાનવો વચ્ચે સમુદ્ર મંથન થયું ત્યારે તેમાંથી ૧૩ રત્નો નીકળ્યા હતા. તેમાંથી ૧૨ રત્નો બંનેએ સરખાભાગે વહેંચી લીધા પણ અંતિમ ૧૩મું રત્ન અમૃત હતું જેના માટે ફરી યુદ્ધની સ્થિતિ સર્જાઈ હતી. આ દરમિયાન ભગવાન વિષ્ણુએ મોહિનીનું સ્વરૂપ ધારણ કર્યું અને અમૃત કળશ પોતાની પાસે લઈ લીધો. તેમણે આ કળશ ભગવાન ઈન્દ્રના પુત્ર જયંતને આપ્યો. જયંત જ્યારે અમૃત કળશ લઈને ભાગતો હતો ત્યારે તેમાંથી અમૃતના કેટલાંક છાંટા પૃથ્વી ઉપર પડ્યા હતા. આ છાંટા જ્યાં પડ્યા તે સ્થળ પ્રયાગરાજ, નાશિક, ઉજ્જૈન અને હરિદ્વાર હતા.

## આ કારણે દર ૧૨ વર્ષે કુંભનું આયોજન કરવામાં આવે છે

અમૃત જે સ્થળે પડ્યું તે પવિત્ર સ્થળોએ દર ૧૨ વર્ષે કુંભમેળાનું આયોજન કરવામાં આવે છે. આ પરંપરા પાછળ પણ એવી માન્યતા છે કે, દાનવોથી સંતાડીને અમૃતનો કળશ સ્વર્ગમાં લઈ જવા માટે જયંતને ૧૨ દિવસ લાગ્યા હતા. દેવતાઓનો ૧ દિવસ પૃથ્વી ઉપર પસાર થતાં ૧ વર્ષ સમાન હોય છે. તેના કારણે દર ૧૨ વર્ષે કુંભનું આયોજન કરવામાં આવે છે.

## અખાડાઓનું મહત્ત્વ વધારે હોય છે

કુંભ મેળામાં અખાડાઓનું અનોખું મહત્ત્વ હોય છે. અખાડાઓના સાધુઓ શસ્ત્ર અને શાસ્ત્ર બંનેમાં નિપુણ હોય છે. શંકરાચાર્યે હિંદુ ધર્મને બચાવવા માટે અખાડાની સ્થાપના કરી હતી. અખાડા તેમના ઈષ્ટદેવના આધારે વિભાજિત કરવામાં આવે છે. તેમાં શૈવ અખાડો, વિષ્ણુ અખાડો અને વૈષ્ણવ અખાડો એમ ત્રણ મુખ્ય અખાડા હોય છે. હાલમાં તેની સંખ્યા ૧૩ થઈ ગઈ છે. સૌથી પહેલાં જૂનો અખાડો જ મોટો અખાડો છે. ત્યારબાદ નિરંજની અખાડો, મહાનિર્વાણ અખાડો, અટલ અખાડો, આવાહન અખાડો, આનંદ અખાડો, પંચાગ્નિ અખાડો, નાગપંથી ગોરખનાથ અખાડો, વૈષ્ણવ અખાડો, ઉદાસિન પંચાયતી મોટો અખાડો, ઉદાસિન નવો અખાડો, નિર્મલ પંચાયતી અખાડો અને નિર્મોહી અખાડો છે. કુંભની શરૂઆત ૪ અખાડાથી થઈ હતી હવે તેમાં ૧૩ અખાડા છે. દરેક અખાડાના પોતાના પ્રમુખ સંતો અને નીતિ-નિયમો હોય છે.

## શું હોય છે શાહી સ્નાન?

કુંભ મેળામાં અખાડાઓના સાધુઓ માટે શાહી સ્નાનનું આયોજન કરવામાં આવતું હોય છે. સામાન્ય નાગરિકો પહેલાં સાધુઓને સ્નાન કરવા માટે શાહી સ્નાન રાખવામાં આવે છે.



તેમનો ચોક્કસ સમય નક્કી હોય છે. ત્યારબાદ સામાન્ય જનતાને સ્નાન કરવા દેવાય છે. અખાડાઓના સાધુઓ અને તેમના પ્રમુખને વિશેષ સ્થાન મળ્યાનો અનુભવ થાય તે માટે જ શાહી સ્નાનનો સમય આપવામાં આવે છે. શાહી સ્નાનની વિશેષ કોઈ પરંપરા નથી. માત્ર સાધુ સમાજને રાજી કરવા માટે તેનું આયોજન કરવામાં આવે છે. શાહી સ્નાનનો નક્કર ઈતિહાસ નથી પણ લોહિયાળ ઈતિહાસ ચોક્કસ છે. ઘણી વખત અખાડાઓ વચ્ચે શાહી સ્નાન મુદ્દે લોહિયાળ જંગ થયા છે.

## યોગી આદિત્યનાથે નામ બદલ્યું

સામાન્ય રીતે છ વર્ષે યોજાતા કુંભ મેળાને અર્ધકુંભ જ કહેવામાં આવે છે. યોગી આદિત્યનાથે આ વર્ષે પ્રયાગરાજમાં યોજાનારા અર્ધકુંભનું નામ બદલીને કુંભમેળો કરી દીધું છે. તેઓ કહે છે કે, હિંદુ શાસ્ત્રોમાં કશું જ અપૂર્ણ નથી. હિંદુ ધર્મમાં કશું જ અધૂરું હોતું નથી. તેથી તેમણે અર્ધકુંભનું નામ કુંભ કરી દીધું અને પૂર્ણકુંભનું નામ મહાકુંભ કરી દીધું.

## રાશિ પ્રમાણે કુંભનું આયોજન નક્કી થાય છે

કુંભ મેળાનું આયોજન કયા સમયે અને ક્યાં કરવું તે પણ રાશિના આધારે નક્કી કરવામાં આવે છે. અમૃત મંથન સમયે સૂર્ય, ચંદ્ર, શનિ અને બૃહસ્પતીએ કળશનું રક્ષણ કર્યું હતું. આ સમયે કુંભ મેષ અને સિંહ રાશિમાં હતો. તેના કારણે જ આ ગ્રહો અને રાશિઓના વિશેષ સંયોગના આધારે કુંભનું આયોજન નક્કી થાય છે.

## કુંભમેળાની મહત્વની તારીખો

| | | | | | |
|---|---|---|---|---|---|
| શાહી સ્નાન | 15 જાન્યુઆરી, | પોષી પૂર્ણિમા | 21 જાન્યુઆરી | વસંત પંચમી | 10 ફેબ્રુઆરી |
| શાહી સ્નાન | 4 ફેબ્રુઆરી, 10 ફેબ્રુઆરી | પટલિકા એકાદશી | 31 જાન્યુઆરી | જયા એકાદશી | 16 ફેબ્રુઆરી |
| સંક્રાંતિ સ્નાન | 14-15 ફેબ્રુઆરી | મૌની અમાવસ્યા | 4 ફેબ્રુઆરી | માઘી પૂર્ણિમા | 19 ફેબ્રુઆરી |

## કુંભમેળાનું અહીંયા આયોજન થાય છે

- હરિદ્વાર: ગંગા નદીના કિનારે
- પ્રયાગરાજ: ગંગા, યમુના અને સરસ્વતીના સંગમ સ્થળે
- ઉજ્જૈન: શિપ્રા નદીના કિનારે
- નાશિક: ગોદાવરી નદીના કિનારે

# એક નજર વન લાઈનર પર..

Active Classes
CREATE YOUR FUTURE

- ☞પાવગઢમાં કયા તળાવમાં 51 ફૂટ ઊંચી શંકર ભગવાનની પ્રતિમા મુકવામાં આવશે ?
- ✔દુધિયા
- ☞અમેરિકા અને ઇઝરાયેલ સતાવાર રીતે યુનેસ્કો માંથી નીકળી ગયા
- યુનેસ્કો ની સ્થાપના :- 4/November/1946
- વડુમથક પેરીસમા આવેલ છે.

**JOIN TELEGRAM :-https://t.me/Activeclasses.** **SUBSCRIBED:- YOUTUBE/ACTIVE CLASSES**
**PDF મટીરીયલ મેળવવા માટે Play store માથી Active Classes નામની app ડાઉનલોડ કરો**

# એક નજર વન લાઈનર પર..

- 👉બિન અનામત વર્ગની યોજનાઓમાં લોકો વધુ લાભ લઈ શકે તે માટે વિવિધ સહાય માટેની વાર્ષિક આવક મર્યાદામાં અને વિદ્યાર્થીઓને વિદેશ જવા માટેની વાર્ષિક આવકમર્યાદામાં કેટલો વધારો કરવામાં આવ્યો ?
- ✔1.5 લાખ રૂ
- .✔બિન અનામત વર્ગની યોજનાઓ માટે વાર્ષિકઆવક રૂ.3 લાખમાં 1.5 લાખનો વધારો કરીને રૂ.4.5 લાખ કર્યા
- ✔વિદ્યાર્થીઓને વિદેશ જવા માટેની વાર્ષિક આવકમર્યાદામાં પણ રૂ.4.5 લાખમાં 1.5 લાખનો વધારો કરીને 6 લાખ કરવાનો નિર્ણય લીધો
- 👉બિન અનામતના પરિશિષ્ટ-ચ માં રાજ્યના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગે કેટલી જ્ઞાતિઓ ઉમેરી ?
- ✔9
- ✔6 હિન્દૂ અને 3 મુસ્લિમ જ્ઞાતિઓ
- ✔સવર્ણ વર્ગની 78 જ્ઞાતિઓ અધિકૃત થઈ

JOIN TELEGRAM :-https://t.me/Activeclasses. SUBSCRIBED:- YOUTUBE/ACTIVE CLASSES
PDF મટીરીયલ મેળવવા માટે Play store માથી Active Classes નામની app ડાઉનલોડ કરો